ટોચઅગ્રતા

વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
ગુજરાત રાજય, બ્લોક નં-૬/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

ફોન:-૦૭૯-૨૩૨૫૧૩૬૩

ફેક્સ:-૦૭૯-૨૩૨૫૧૩૬૨

E-mail I.D.:- cotroadsafety2016@gmail.com

નં-૭/માર્ગસલામતી/સુ.કોર્ટ/રો.સે.કમીટી/ ૭૯૯૯

તારીખ-: 24 JUN 2016

પ્રતિ,

પ્રમુખશ્રી,

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એશોસિએશન,

સહજાનંદ કોમ્પલેક્ષ, રાજસ્થાન હિન્દી હાઇસ્કુલ સામે,

ડૉ.આંબેડકર રોડ,સાહીબાગ,દુધેશ્વર,અમદાવાદ,

૩૮૦૦૦૪.

વિષય :- ડ્રાઇવરોની ફસ્ટ એઇડ તાલીમ ગોઠવવા બાબત.

શ્રી માન,

ઉપરોક્ત વિષયે જણાવવનુ કે ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં ડ્રાઇવરની ખુબ મહત્વની ભુમિકા છે.જાહેર માર્ગ પર અકસ્માત દરમ્યાન પોતાનો તથા બીજી વ્યક્તિનો જીવ બચાવવા ફસ્ટ એઇડ (પ્રાથમિક સારવાર)ની તાલીમ જરૂરી બને છે. એક વર્ષમાં ઓછામાં ઓછા ૨૫ ફસ્ટ એઇડ તાલીમ સેમીનાર દ્વારા ૧૦,૦૦૦ જેટલા ડ્રાઇવરો સુધી આ તાલીમ આપવાનું આ કચેરીનો ધ્યેય છે.

આપશ્રી ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે બહોળો અનુભવ અને પ્રતિષ્ઠા ધરાવો છો ટ્રાન્સપોર્ટ ક્ષેત્રની સંસ્થા તરીકે ડ્રાઇવરોને ફસ્ટ એઇડની તાલીમ મળે તે બાબતનુ મહત્વ આપ સારી રીતે સમજો છો તેથી આપના સહકારથી અમદાવાદ શહેર/જિલ્લામાં ૧૦ જેટલા ફસ્ટ એઇડ તાલીમ શિબીર યોજવા સહયોગ આપવા વિનંતી કરૂ છું.

ફસ્ટ એઇડની તાલીમ આપવા નિષ્ણાત વક્તાઓની તથા અલ્પાહારની વ્યવસ્થા આ કચેરી દ્વારા કરવામાં આવશે. આપના તરફથી વધુ ને વધુ સંખ્યામાં ડ્રાઇવરો ભાગ લે તે તથા તાલીમનુ સ્થળ (હોલ અથવા યોગ્ય જગ્યા) પુરી પાડવાની રહેશે. તેમજ ધ્વનિ પ્રસારણની સુવિધા આપવાની રહેશે.

આશા રાખુ છું કે આપનો હકારાત્મક પ્રતિભાવ સાંપડશે અને આ ક્ષેત્રમાં ડ્રાઇવરોનો જીવ બચે તે દિશામાં આપણે સાથે મળીને કઇક કર્યુ ગણાશે.

(નોંધ પર માન.કમિશનરશ્રીના આદેશ મુજબ.)

ખાસ ફરજ પરના અધિકારી,
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર .

Akhil Gujarat Truck Transport Association

7-7-16

D/Roadsafety-2